# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૧૦ • સળંગ અંક : ૧૧૩ • તા. ૮ ઓગસ્ટ થી ૧૪ ઓગસ્ટ ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## પર્વાધીરાજ પર્યુષણ મહાપર્વની પધરામણી



## પર્વાધીરાજ પર્યુષણ પર્વ એટલે આત્મશુદ્ધિનો માર્ગ


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સ્ત્રી અને પુરૂષ એકબીજાના પૂરક

એવો એક સમય હતો જેમાં પુરૂષોનું આધિપત્ય હતું. પુરૂષોનો એકાધિકાર હતો. સ્ત્રીઓ લાજ, શરમ અને ઘૂંઘટના રિવાજમાં નજરકેદ હતી. પુરૂષોના રાજ કાજ, વ્યવહાર વહીવટ નીચે દબાયેલી હતી. સ્ત્રીઓનું બચપણ પિતાના સંરક્ષણમાં, યુવાની પતિના અંકુશ તળે અને વૃધ્ધાવસ્થા સંતાનોના ભરોસે વીતતું હતું.

પણ હવે જમાનો બદલાયો છે, સમયએ કરવટ લીધી છે. સ્ત્રીઓ શિક્ષણ મેળવી પારંગત બની છે. શિક્ષિત થઈ પોતાના અધિકારો પ્રત્યે સજાગ થઈ છે. હક મળે એ માટે ન્યાય મેળવવાની લડત ઝૂંબેશ ચલાવવા પ્રત્યે સજાગ થઈ છે. તેને કાયદાઓ દ્વારા વધુને વધુ સંરક્ષણ મળતું થયું છે. એટલે હવે તેની તવારીખ પલટાઈ ગઈ છે. 'મુલગી શિખલી પ્રગતિ ઝાલી' અર્થાત પુત્રી શિક્ષિત થઈ સાથે પ્રગતિ થઈ. આ બદલાવ ઉડીને આંખે વળગે એવું થયું છે. સ્ત્રી હવે પુરૂષોના બરોબરી કરે છે. દરેકે દરેક પદ, પર પહોંચી પુરૂષની સમોવડી થઈ છે.

સંસાર વ્યવહાર ચલાવવાની જવાબદારી પુરૂષ કરતાં સ્ત્રી પર વધુ છે. જીવન નિર્વાહ ગુજરાન, કમાઈની યંત્રણા જવાબદારી પુરૂષની છે. પણ એ કમાણીને ખર્ચી તેમાંથી બચત કરવાનો હુન્નર સ્ત્રીઓ પાસે છે. પુરૂષોના વર્ચસ્વ છતાં પરિવારની જવાબદારી સ્ત્રી પર હોય છે જે એને બખૂબી નિભાવી જાણે છે. સૂર્યના કિરણો જગને અજવાળે એ પહેલાંથી એના કાર્યો શરૂ થઈ જાય અને અંધકાર મધરાતે પહોંચે ત્યારે સ્ત્રી વિરામ લે. આમ પંદરથી વીસ કલાકની ફરજ વગર પગારે અને કોઈ પ્રશંસા કે કદર મળે એની દરકાર કર્યા વગર સતત કરે રાખે છે. પતિની દરકાર, સંતાનોની સંભાળ અને પરિવારના વડીલોની દેખભાળ માવજત બખૂબીથી કરે છે.

સ્ત્રી પુરૂષની શારીરિક રચના, તેમની બુધ્ધિ, બળની તાકાત, કાર્ય પધ્ધતિ વેગળી છે. સ્ત્રી સર્જન કરવા સમર્થ છે, તો પુરૂષ સંરક્ષણ કરવા, સામનો કરવા સશક્ત છે. સ્ત્રી માનસિક રીતે સુદ્રઢ છે તો પુરૂષ શારીરિક રીતે બલશાલી છે. મારગ ભટકેલા પુરૂષને સરળ સીધો સ્ત્રી સહજ રીતે કરી શકે છે. સમાજમાં એટલે જ સારા પુરૂષો કરતાં સ્ત્રીઓના પ્રભાવ ઘણો મોટો છે. એનો ત્યાગ અને બલિદાન ભાવના પણ મોટી છે. સંતો કરતા સતીઓનો મહિમા મોટો છે. અસુરો ત્રાસથી જ્યારે દેવો ત્રસ્ત થતાં ત્યારે કોઈ દેવી જ અવતાર લઈ અસુરોના ખાતમો કરેલ છે. એવું ધર્મશાસ્ત્રોમાં વાંચી ગયા છીએ. એક પુરૂષ કદાચ એક કે બે સ્ત્રીઓનો ઉધ્ધારક બની શકે પણ સ્ત્રી તો અનેક પુરૂષો માટે ઉધ્ધારક બની શકે છે. સ્ત્રી પુરૂષના જીવનમાં પ્રકાશ પાથરી શકે છે તો તેના જીવનમાં અંધકાર લાવી દેવા જેટલી સમર્થ પણ છે. પુરૂષ એક કુળ માટે અભિમાન ધરાવે છે પણ સ્ત્રી તો બે કુળ માટે અભિમાન ધરાવે છે. તેના દ્વારા બે કુળનો ઉધ્ધાર થાય છે, સ્ત્રી પતિનું નામ દીપાવી શકે છે, પુત્રના જીવનમાં પ્રકાશ પાથરી શકે તો સાસરાની શાખ-આબરૂ પ્રતિષ્ઠામાં વધારો કરી શકે છે. સ્ત્રી એકલા રહીને જે કાર્ય કરી શકે તેથી અનેક ઘણું પતિના સાથથી, પતિની સંમતિથી અને પતિના સમન્વયથી અનેક ઘણું કરી શકે છે. માટે જ સ્ત્રી અને પુરૂષ એક બીજાના પૂરક છે. એક સિક્કાની બે બાજુ છે.

જય જ્ઞાતિ મૈયા

# વાણી અને વિચારોનો તાલમેલ

વાણી અને વિચારનું મૂલ્ય અદકેરું છે. વાણીનો વ્યય અને વિચારોમાં ખામી એ આપણા વ્યવહાર માટે અવરોધ સર્જે છે. વાણીમાં અપશબ્દો બોલાયા અને વિચાર લખાણમાં વ્યાકરણ દોષ એ બંન્ને હાનિકારક છે. સુસ્પષ્ટ વિચારોથી સરળવાણીનો પ્રવાહ સર્જાય છે. વાણીના સંભાષણથી શત્રુતા કે મિત્રતા મળે છે. વાણી પ્રવાહ પાણી જેવો નિર્મળ, સરળ અને પારદર્શક હોવો જોઈએ. એવો જ વિચારોનું જ્ઞાન સભર, પરમાર્થ ભાવ અને હેત લાગણીથી નિતરતા હોવા જોઈએ. માત્ર સામેવાળાની ખામીઓ જોવાથી આપણા ગુણો નથી દેખાતા. સંગ તેવો રંગ એ ન્યાયે કોની સાથે આપણી ઉઠ બેસ છે એનાથી પણ આપણી વાણી-આપણા વિચારને ધાર-આકાર અને સાકાર રૂપ મળે છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વ્યાકરણ દોષ ભર્યું લખાણ અને સ્વાર્થ ભર્યો વિચાર એ પતન ભણી દોરી જતી ખીણ છે. તેને ઝટ સુધારવી જોઈએ. અલ્પવિરામ અને પૂર્ણ વિરામનો ઉપયોગ યોગ્ય ઠેકાણે થાય તો જ ભાષા વિચારના લખાણનો અર્થ સમજાય. નહિં તો એમાંથી અનર્થ સર્જાય છે. આ દોષ જો અકબંધ રહે, વર્ષોના વર્ષ સુધરે નહિં તો તમામ ગુણ હોવા છતાં વ્યક્તિ સર્વગુણ સંપન્ન નથી કહેવાતો. સર્વ ગુણ સંપન્ન વ્યક્તિના વિચાર, વાત માંડવાની કલા અને લખાણમાં અર્થ સભર તથ્ય સામેવાળાને ઝટ ઉતરે છે.

માટે આપણા વાણી અને વિચારની પરખ આપણે પોતે કરવી જોઈએ. તો જ સૌને આપણે ગમીએ અને સર્વગુણ સંપન્ન તરફ ગતિ કરી શકીએ.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# પર્વાધીરાજ પર્યુષણ પર્વ એટલે આત્મશુદ્ધિનો માર્ગ

પયુર્ષણ મહાપર્વમાં ૮ દિવસ એક ચિત્તે આરાધના, સાધના અને તપ જે રીતે થઈ શકે તે રીતે કરવું અને મન બને એટલુ સંયમમાં રાખવું અને આજની પરિસ્થિતિ જોતા ધર્મ તો કરવુ જ સાથે સાથે કર્મને પણ એટલું જ પ્રાધાન્ય આપી આપણે સમાજમાં ભાઈઓ અને બહેનોને પરસ્પર એકતા કેળવવા માટે પ્રેરિત કરવા અને પર્યુષણ પર્વની આરાધના કરવી.

પર્યુષણ શબ્દનાં અનેક અર્થ, ભાવ જાણવા મળે છે. શબ્દ શાસ્ત્રનાં નિયમ પ્રમાણે એક શબ્દ વ્યુત્પત્તિ ભેદ પી, વ્યાખ્યા ભેદ થી તેના વ્યાખ્યાભેદો અનેક અર્થો દર્શાવે છે. પર્યુષણની બાબતમાં પણ આવું છે. એના પણ ઘણા બધા સૂચિતાર્થો છે.

પર્યુષણનો એક અર્થ નીકળે છે,' પરિવસન'- એટલે કે એક જ સ્થાન પર સ્થિર રહેવું. આમ પર્યુષણનો અર્થ ચાર માસની વર્ષાત્રતુમાં એક જ સ્થળે મુકામ કરવો.

પર્યુષણનો બીજો અર્થ થાય છે, પર્યુપશમન' આ શબ્દનો ભાવાર્થ છે, સંસારમાંની અનેક પ્રકારની વ્યાધિ, ઉપાધિ વચ્ચે પણ સમતા અને શાંતિ ધારણ કરવી. સદીઓથી માનવમનમાં અનેક પ્રકારનાં કષાયો અને વિકારો છૂપાયેલા પડેલા છે, તેનું શમન કરવાનું આ પર્વ છે.

એક અર્થમાં, પરિવશન એટલે કે નિકટ રહેવું. વ્યકિતએ પોતાનાં આત્મભાવમાં રમણ રહેવાનું છે.

આત્માની નજીક જઇ રમણતા કેળવવાની છે. પર્યુષણમાં વર્ષાવાસ શબ્દ, સમય ગાળો સૂચવતા અર્થ માટે નો છે. પરંતુ કષાપ, સમતા અને આતમારમણતા. આ બધાનાં ભાવવાચક અર્થો નીકળે છે. પણ અહીં શબ્દોનાં બાહ્યઅર્થને જાણવાને બદલે, એની પાછળનાં ભાવાર્થ ને સમજવાની કોશિષ કરવી જોઈએ. પર્યુષણ શબ્દ પાછળનો ભાવાર્થ એ નીકળે છે કે, સાધકે સર્વ પ્રકારે આત્મભાવમાં રહેવું. પરભાવમાં, બ્રાહ્ય વિષયોમાં દોડતાં ચિત્તને વાળીને આત્મભિમુખ કરવું.

પર્યુષણનું પર્વ એ આત્મસિધ્ધિનું પર્વ છે. અને તેથી એ સમય દરમ્યાન ચિત્તને ઉપવાસ, ધર્મશ્રવણ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય અને ધ્યાન ધારણા જેવી ધર્મ સાધનામાં પરોવવાનું હોય છે. પર્યુષણ ધર્મની આરાધનાનું વિશિષ્ટ પર્વ છે. જેનું લક્ષ્ય છે. કર્મનાં સંવર અને નિર્જરાનું સંવર એટલે રોકવું અને નિર્જરા એટલે ખંખેરવું. આ શબ્દો પારિભાષિક છે, જે આચરેલા કર્મના સંદર્ભમાં વપરાય છે. અર્થાત હાથમાં આવેલા ફરજ રૂપી કર્મને બજાવી હાથ ખંખેરીને ઊભા થઈ જવું.

લોકોત્તરમાં પર્યુષણ એ પ્રર્વાધિરાજ છે. આ સમયગાળામાં,પૂરા વર્ષમાં આચરેલા આસક્તિ ભર્યા કર્મનાં દુષ્પરિણામ ખંખેરીને, રાગદ્વેશને કારણે દુષિત થયેલા મનને સ્વચ્છ કરવાનું છે.

આવા પાવનકારી પર્વાધિરાજનાં દિવસમાં આરાધના સાધના ઉપાસના અને પરસ્પર માનવ બંધુમાં મૈત્રીભાવ કેળવવા.


## સમસ્ત મહાજન દ્વારા ક્ષમાપના વિશેષાંક

**પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં જે પણ જ્ઞાતિજને ૯ કે તેથી વધુ ઉપવાસ કર્યા હશે અન્યથા તેનાથી વધુ ઉગ્ર તપસ્યા કરી હશે તેમના ફોટો ફ્રી માં અંકમાં સમાવિષ્ટ કરવામાં આવશે તેઓ તેમનો પાસપોર્ટ સાઈઝનો ફોટો મોકલાવી દે**

**તેમજ આપ આપના સ્વજનો અને જ્ઞાતિજનોને જ્ઞાતિમૈયા મારફતે ક્ષમાપના સંદેશ આપી શકો છો**

**કલર ફુલ પેજ રૂા.૮૦૦ અને કલર હાફ પેજ રૂા.૫૦૦**

**સોમવાર તા.૨૪ ઓગસ્ટ સુધી મોકલી શકો છો તે માટે સંપર્ક કરો**

**મનિષા લાલકા - ૯૮૨૦૫૪૫૭૩૪, વર્ષા લોડાયા - ૯૮૩૩૦૭૨૮૭૯**

**Email : gyatimaiya2018@gmail.com**

# સમસ્ત મહાજનની સંજીવની સ્કીમની ઐતિહાસીક આગેકુચ

# પ્રથમ યુરેનિયમ દાતા બનતા અનંતનાથ ટ્રસ્ટ






સમસ્ત મહાજન દ્વારા ચાલતી મેડિકલ સહાય માટેની સંજીવની સ્કીમમાં અભૂતપૂર્વ સફળતા મળી રહી છે અને દિવસે ને દિવસે જરૂરતમંદ જ્ઞાતિજનને સહાય આપવામાં આ મેડિકલ ટીમ મનિશા પોલડીયાના નેતૃત્વમાં સારામાં સારુ કામ કરી રહી છે અને સમિતિના ધારાધોરણ પ્રમાણે જરૂરતમંદોને સહાય પહોંચી રહી છે આ કાર્યને જે રીતે જરૂરિયાતોમંદો લાભ લઈ રહ્યા છે.

હર વખતની જેમ ધુમધામથી ધ્વજારોહણ તથા સંઘ સ્વામિવાત્સલ્ય રાખવામાં આવે છે પણ આજની આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પ.પૂ.તારકગુણાશ્રીજી મ.સા. આદિઠાણા-૩ની નિશ્રામાં તેમજ ગુરૂવર્ય મોતીસાગરજી મ.સા.ના આશિષ વચન સાથે હર્ષ દેઢિયાના માર્ગદર્શન હેઠળ પરંપરાગત રીતે ૧૮૭મી ધ્વજારોહણ મહોત્સવ ૩ ટ્રસ્ટીઓ, કાર્યકર્તા, મહાજન ટ્રસ્ટના સદસ્યોની હાજરીમાં વિધિપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી.




આ ખુશાલી નિમિત્તે જ્ઞાતિની મહોળી મહાજન સંસ્થા કચ્છી દશા ઓશવાલ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડના ટ્રસ્ટો દ્વારા જ્ઞાતિ શિરોમણિ શેઠ શ્રી નરશી નાથા, મુકુટ મણિ શેઠશ્રી કેશવજી નાયક તથા ભૂતકાળના ભવ્ય વારસાને યાદ કરી, વર્તમાનમાં પણ એ સુખ, સમૃધ્ધિ અને ધર્મના કાર્યો ઉજાગર થાય તે નિમિતે શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિ દ્વારા સંચાલિત બહુ ઉપયોગી સંજીવની યોજના માટે રૂા.૧૧ લાખની ઉદાર રકમ ફાળવવામાં આવી છે. જે માટે પ્રથમવાર સંજીવન યુરેનિયમ પેટ્રોન તરીકે નોંધ કરાઈ છે. આ ઉદાર અને બહુ ઉપયોગી યોગદાન માટે મુખ્ય ટ્રસ્ટ તથા સહયોગી ટ્રસ્ટોની ભૂરી ભૂરી અનુમોદના.

# સમસ્ત મહાજનની સંજીવની સ્કીમની ઐતિહાસીક આગેકુચ

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
**મેડિકલ સમિતિ**
KDO

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભાવો ...



**માતુશ્રી ધનબાઇ પ્રેમજી નરપાર શાહ (લોડાયા)**
કચ્છ-મોટી સીંધોડી, હાલ-વડાલા, મુંબઇ
હસ્તે
**શ્રીમતિ તેજલ રાજેશ શાહ**

## સંજીવની સુવર્ણ પેટ્રોન
**Rs. 50,000**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
મેડિકલ સમિતિ
KDO

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભાવો ...



**સ્વ.જમકુબેન હેમચંદભાઇ ધરમશી**
અમદાવાદ, કચ્છ- સુથરી
**હસ્તે શ્રી દિલીપ કુંવરજી દંડ**

## સંજીવની સુવર્ણ પેટ્રોન
**Rs. 50,000**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
મેડિકલ સમિતિ
KDO

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભાવો ...



**માતુશ્રી રતનબાઇ રાયશી મોતા**
**માતુશ્રી ગુણવંતીબેન ખીમજી મૈશેરી**
કચ્છ - નાની સીંધોડી, રાયપુર
હસ્તે - ઉત્તમભાઇ, મીનાબેન, મિલનભાઇ, અંકિતાબેન અને પ્રેયાંશ

## સંજીવની સિલ્વર પેટ્રોન
**Rs. 25,000**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
મેડિકલ સમિતિ
KDO

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભાવો ...



**માતુશ્રી મધુબેન હીરાચંદ દંડ**
હસ્તે,
**શ્રી રિતેષ હીરાચંદ દંડ**
કચ્છ લાલા, હાલ મુલુન્ડ, મુંબઇ

## સંજીવની સુવર્ણ પેટ્રોન
**Rs. 50,000**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
મેડિકલ સમિતિ
KDO

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવીઓ એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભાવો ...



**શ્રી સુશીલભાઇ લક્ષ્મીચંદ શાહ**
કચ્છ-મંજલ રેલડીયા, મુંબઇ - માટુંગા

## સંજીવની સુવર્ણ પેટ્રોન
**Rs. 50,000**

Samast Mahajan, Sanjivani Initiative
KDO
**CASE No.: 24**

**DONATION NEEDED!**

**Smt. Sarlaben Mulchand Lodaya**
Age 59, Ghatkopar, Kutch - Lala
Diagnosed with Bladder Cancer Recurrence.
Requires 6-Cycles of Chemotherapy on immediate basis.






**DONATION REQUIRED**
**Rs.1.65 Lac**

Bank Details:
Name: Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
Bank: Dena Bank Branch: Mulund (West)
S. A/C. No. 009410031785
IFSC code. : BKDN0460094

For Live Donations on Sanjivani App
pls contact: +91 90990 41414

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 90990 41414

# જ્ઞાતિમૈયામાં આપની જાહેરાત તદ્દન નિશુલ્ક

આપણે દિવસમાં હજારો વખત વાત કરીએ છીએ 'પહેલા જેવી બજારો નથી' અત્યારની પરિસ્થિતિમાં બજારમાં ટકી રહેવું એ એક વાસ્તવિક પ્રશ્ન છે એટલે સમસ્ત મહાજન કે.ડી.ઓ. બીટુબી કમિટીએ આપના વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે એક એવી સ્કીમ જાહેરાત કરી છે જેથી આપના વેપારમાં વૃદ્ધિ થશે અને જ્ઞાતિજનોને આપનો સંદેશ પહોંચી શકશે અને તે પણ તદ્દન નિઃશુલ્ક ભાવે એક વખત આપના વેપાર, વાણીજ્યની જાહેરાત અમે તદ્દન ફી માં પ્રકાશિત કરશું તે માટે આપ અમારી બીટુબી સમિતિના સભ્યો તેમજ બરોડા ખાતેની ઓફિસમાં શિતલબેન ધુલ્લાનો ૯૦૯૯૦ ૪૧૪૧૪ નંબર પર સંપર્ક સાધી શકો છો.

આપની એક વખત જાહેરાત તદ્દન નિઃશુલ્ક આપવામાં આવશે જેની માટે આપની સાઈઝ વિઝીટીંગ કાર્ડ સાઈઝ રહેશે, ડિઝાઈન તમારે આપવાની રહેશે તો આપ વહેલામાં વહેલી તકે સંપર્ક સાધો એમ અખબારી યાદીમાં બીટુબીના ચેરમેન રાજેશ મોમાયા (૯૮૮૪૧૪૯૪૯૪) એ જણાવ્યું હતું.



# નૂતન ગચ્છ નાયકને અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ જૈન શ્વેતામ્બર સંઘની મંગલ વધાઈ

મુલુંડ પૂર્વ સંઘમાં ચાતુર્માસે વિરાજમાન રાજસ્થાન એવમ દક્ષિણ દીપક, સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ને અચલગચ્છ નાયક પદથી અંલકૃત કરાયા. પૂજ્યશ્રીની નિશ્રામાં અચલગચ્છ ચતુર્વિધ સંઘ ચૌમુખી વિકાસ કરે એવી મંગલકામના સાથે મંગળ વધાઈ. રતનલાલ વડેરા અધ્યક્ષ, અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ જૈન શ્વેતામ્બર સંઘ તરફથી અપાઈ.

## જ્ઞાતિના યોગ્ય સગપણ પાત્ર માટેનું શ્રેષ્ઠ વિકલ્પ રાઈટ મેચ

દશાઈ જ્ઞાતિના લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે પ્રતિ વર્ષ સગપણ સેતુનું આયોજન થાય છે. આ વર્ષે લોકડાઉનના કપરા સમય સંજોગોવશ હળવા મળવાનું મુશ્કેલ થઈ ગયું છે. આવા સમયમાં પણ આ વર્ષે મે માસમાં શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન મુંબઈની સગપણ સેતુની ટીમ ઓનલાઈન દ્વારા ઐતિહાસિક અને અનોખા પરિચય મિલનના આયોજનને સૌએ અદ્‌ભૂત પ્રતિસાદ આપ્યો. આ પ્રકારના સફળ આયોજન દર વર્ષે કરવાનો સંકલ્પ છે.

જ્ઞાતિના યંગસ્ટર લગ્નોત્સુક પાત્ર આ અનેરી તકનો લાભ લેવાનો બાકી રહી ગયું હોય તો તે સર્વેને માટે નામ એન રોલ કરવામાટેની લીંક હજુ ઓપન છે. આ લીક https://forms.gle/sjYTVdLjZFm163eA9 ઉપર ક્લિક કરી. ફોર્મ સંપૂર્ણ વિગત સાથે ભરી સબમિટ કરો. તમારી વિગતો રાઈટ મેચ ઈ-બુકમાં આપોઆપ અપટેડ થઈ જશે. નોંધાઈ જશે.

વધુ વિગત માટે સગપણ સેતુ કન્વીનર અલકા ભેદા-૯૮૨૧૧૭૯૭૯૬, જિનાલીબેન લોડાયા-૯૮૯૨૧૮૯૦૮૫, મનિષાબેન લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪નો સંપર્ક કરવો.


Vardhman Lodaya 9825175069 2771856
Dipen Lodaya 2776744
3912956

ARIHANT TRANSPORT CO.

LORRY & TORAS SUPPLIERS & COMMISSION AGENT.

Daily & Regular Service :
KUTCHH • KATHIYAWAD • SURAT • VAPI
AHMEDABAD • NORTH & ALL SOUTH GUJARAT

15, Yaksh Shree Complex, Nr. Keya Motors,
Opp. Upasna Society, Chani Jakatnaka Road, Baroda - 2.






KRISH DRY FRUITS
Ghatkopar
SPECIALIST IN DRYFRUITS
Cash On Delivery
*DELIVERY WILL BE GIVEN AT GATE OF THE SOCIETY.*
CALL : VIPUL 8692044040
MITESH 9819220255




# વીણા નાગડા ઈન્ટરનેશનલ WEE એવોર્ડથી સન્માનિત





તા.૨૬ જુલાઈ રવિવાર રોજ રાઈઝિંગ વુમન વર્ચ્યુલ લીડરશીપ કોન્કલવનું ઓનલાઈન આયોજન WEE - ઈન્ટરનેશનલ વુમન એક્સલેન્સ એમ્પાવરમેન્ટ દ્વારા કરાયું હતું. જેમાં ઈન્ટરનેશનલ WEE એવોર્ડ ૨૦૨૦ વિવિધ ક્ષેત્રોની છ મહિલા પ્રતિભાઓને એનાયત કરાયા જેમાં આપણા પોતાના ગૌરવરત્ન મહિલા પ્રતિભા વીણા નાગડાનો પણ સમાવેશ હતો.

વીણા નાગડા છેલ્લા ચાર દાયકાથી મહેંદી ક્ષેત્રે જાણીતું નામ છે. તેઓની ઓળખ બોલીવુડ મહેંદી ક્વીનની છે. બોલીવુડ સેલેબ્રિટી તથા દિગ્ગજ ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ પરિવારોના શુભપ્રસંગોમાં વીણા નાગડાનું મહેંદી આર્ટનું યોગદાન હોય જ છે. તેમની પોપ્યુરિયાલીટી રાષ્ટ્રીય નહીં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ફેલાઈ છે.

તેઓ જ્ઞાતિ સમાજમાં પણ પોતાનું યોગદાન આપવા અગ્રેસર રહે છે. સમસ્ત મહાજનના ટ્રસ્ટી તેમજ કેડીઓ નારી સશક્તિકરણ સમિતિના કન્વીનર તરીકે જ્ઞાતિની મહિલાઓ માટેની ઉત્થાન પ્રવૃત્તિઓમાં સદૈવ અગ્રીમ ભૂમિકામાં રહે છે. તેઓ આ અગાઉ વિવિધ સન્માન એવોર્ડ મેળવ્યાં છે. તેમનું નામ અને કાર્યથી સમસ્ત જ્ઞાતિ ગૌરવિન્ત છે.













## સંજીવની યોજનામાં કેસનં. ૨૪ની વહારે આવવા અપીલ

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની સહાય માટે કેસ નં. ૨૪ની અરજી આવી છે. જેમાં કચ્છ લાલા ઘાટકોપરના સરલાબેન મુલચંદ લોડાયા ઉ.વ. ૫૯ રોજગાર નિવૃત પતિ સાથે રહે છે. માસિક આવકનું કોઈ સ્રોત નથી કે નથી કોઈ વીમા છત્ર. તેમની એક માત્ર પરણિત પુત્રી જે સાડી પર ફોલ બિડીંગનું છુટક કામ કરી માવતરને થઈ શકે એટલી મદદરૂપ થાય છે.

આ અગાઉ બે વખતે તેમના સગા સંબંધીઓ એ તેમને મદદ કરી સહાય રૂપ થયાં હતા. આ વખતે તેઓ જ્ઞાતિ મહાજન સમક્ષ સહાય અરજી કરી છે. તેઓને બ્લડ કેન્સર હોવાનું નિદાન થયું છે. જે માટે છ વખત કેમોથેરપીની પ્રક્રિયા માટે રૂા. ૧,૬૫૦૦૦ની જરૂરત છે. સરલાબેન લોડાયા અને તેમના પરિવારને આ કપરા સંજોગોમાંથી ઉગારી લઈ માનવતાના ઉચ્ચ મૂલ્યો જાળવીએ જરૂરી છે. જેથી જરૂરી ભંડોળ વહેલી તકે છલકાઈ જશે એવી સંપૂર્ણ શ્રદ્ધા છે.

## સંજીવની કેસ નં. ૨૫ની જરૂરિયાત પૂરી થતાં કેસ બંધ કરાયો

જસાપર-કચ્છના ૫૭ વર્ષીય શરદ શિવજી ઘરમશી જેઓ નલિયામાં રીક્ષા ચલાવી રોજગાર રળે છે. તેમનો પુત્ર મુંબઈમાં પોતાના જોગ પુરતું કમાઈ ગુજરાન ચાલે એટલી આવક કરે છે. શરદભાઈને થોડાક દિવસથી તાવ, પેટનો દુ:ખાવો, ભૂખ ન લાગવી, થાકના લક્ષણો રહેતા હતા. જેના લીધે તેઓનું વજન ૨૦ કિલો જેટલું ઓછું થઈ ગયું હતું. સ્થાનિક દવા લીધી પણ અસર ન થતા તેઓ નિષ્ણાત ડોક્ટરને બતાવવા અમદાવાદ ગયા. જ્યાં ડોક્ટરએ લેપ્રોસ્કોપી એડ્રેનાઈલેકટોમીની તપાસ માટે સલાહ આપી અને તેનો રીપોર્ટ આવતાં ફ્યુઝન કીડની હોસ્પિટલ અમદાવાદમાં ૨૭ જુલાઈના એડમિટ કરાયા. તેમની સારવાર માટે તાત્કાલિક રૂા.એક લાખનો ખર્ચ ભરપાઈ કરી શકાય એ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે અરજી નોંધાવી.

જણાવતાં હર્ષ થાય છે કે જ્ઞાતિજનો સમક્ષ અપીલ રજૂ કરતાં ટૂંકાગાળામાં જ જરૂરિયાત જોગ રકમનું કલેકશન મળી જતા કેસ નં.૨૫ને બંધ કરતા ખુશી થાય છે. સહાયકર્તા દાતાઓની અઢળક અનુમોદના સાથે આભાર.

પેશન્ટ શરદભાઈ ઘરમશી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મેળવી સ્વસ્થ થઈ પોતાના વતન ગામ જસાપર સુખરૂપ છે.


**પબ્લીક ડિમાન્ડને ધ્યાનમાં લઈને**
**સ્મરણાંજલિ-૨ ટૂંક સમયમાં પ્રકાશિત થશે**



**પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ**
**ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબને**
**સમર્પિત સ્મરણાંજલિ-૨ જ્ઞાતિમૈયા માં**

**આ વિશેષ પૂર્તિ માટે**
**પ.પૂ. અચલગચ્છાધિપતિ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજને**
**આપ તેમના પ્રત્યેની અનુમોદના, આદરભાવ તેમજ તેમના સાથેના સંસ્મરણો**
**ગુરુવાર 30 ઓગસ્ટ ૨૦૨૦ સુધી લખીને મોકલો**

**આપ આપની જાહેરાત પણ આપી શકો છો**
**કલર ફુલ પેજ રૂા.૮૦૦/- • કલર હાફ પેજ રૂા.૫૦૦/-**

Manisha Lalka - 9820545734 • Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

# અણધારી વિદાય



જન્મ :
તા.૨૧-૧૨-૧૯૫૯

અરિહંત શરણ :
તા.૨૫-૭-૨૦૨૦

## સ્વ. મહેન્દ્ર શામજી પરબત–મોતા (ગામ–વારાપધર)

અગણિત આપની સેવાના ગુણ... સમાજસેવા... પરમાર્થ માટેના સત્કાર્યો...
જીવદયા... પરગજુ... એના
પરબત પરિવારના હીરા, છેડા પરિવારના સિતારા
પ.પૂ.લક્ષ્મી માતા અને અને શામજીભાઈ પિતાજીના દુલારા (વારાપધર)
પ.પૂ.રાજબાઈ માતા અને નરશીભાઈ પિતાજીના આંખોના તારા (સુથરી)
મોતા પરિવારના અનમોલ રતન, ઓચિંતા ક્યા ખોવાઈ ગયા,
શું ભૂલ થઈ અમારી કે અમારાથી રિસાઈ ગયા,
પડી અમોને તમારી ખોટ ભૂલાશે નહી આ હૃદયની ચોટ,
મુઝાય છે હૈયું 'જ્યોતિ' ઝંખે હરપળ આપનો સાથ ને,
પુત્રી નિરલ-મૌલિક અને પુત્ર મહેક હંમેશા કરશે તમોને યાદ,
આપની યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુના અભિષેક અર્પણ કરે છે.

બહેન શ્રી સ્વ.દેવકાબાઈ, ધનબાઈ, સ્વ.કાન્તાબેન, પુષ્પાબેન-મધુકાન્ત,
જ્યોતિબેન-મણીલાલ, હિરાબેન-ધનપતના વ્હાલા વિરા
સ્વ. શાંતાબાઈ-પદમશીભાઈ, શ્રીમતી વીણાબેન-ઉત્તમભાઈના નાના ભાઈ
શ્રીમતી હેમલતા-રતીલાલભાઈ, શ્રીમતી અરૂણા-નવીનભાઈના બનેવી
સાળી : ઝવેરીબેન, રમીલાબેન, મંજુલાબેન, ગુણવંતી (પુષ્પા) ગીરીશભાઈ,
લીલમ-લલીતભાઈ, પ.પૂ.સાધ્વીશ્રીજી હર્ષ વર્ધના મહારાજ સાહેબના બનેવી
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને દિવ્ય અને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

Neer Mahek Kunj, 4-3-440/441, Koti, Bank Street, Hyderabad-500001.
Jyoti Mahendra Mota- 7331136468 • Mahek Mahendra Mota - 9966653434

# ગદગમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની ૧૦૬ મી વર્ષગાંઠ નિમિત્તે ધ્વજા મહોત્સવ થયો








કર્ણાટકના ગદગ નગરે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની ૧૦૬ ઠ્ઠી વર્ષગાંઠ નિમિત્તે ધ્વજા રોહણ મહોત્સવ શ્રાવણ સુદ ૧૦ તા.૨૯ જુલાઈ બુધવારના રોજે પ.પૂ. આચાર્ય શ્રી નરરત્નસૂરિશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં સંપન્ન થયો. હાલના કોરોનાના કપરા સમય સંજોગોને લક્ષમાં રાખીને આ મહોત્સવ સાદાઈથી છતાં સંપૂર્ણ વિધિવિધાન ધાર્મિક આયોજન સાથે થયો. ધ્વજા ચઢાવવાનો લાભ કચ્છ રાપરગઢવાળી-ગદગના ટોકરશી ભારમલ મોતા પરિવારએ ભાવપૂર્વક લીધેલ.





# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મતારીખ
૨૮-૧૨-૧૯૪૪

સ્વર્ગવાસ
૨૫-૦૭-૨૦૨૦

## સ્વ. કુંવરજી હરશી લોડાયા (ઉ.વ.૭૫)

**ગામ : રાપરગઢવાળી • હાલે ભાંડુપ**

જીવન એવું જીવી ગયા, કે સૌના પથદર્શક બની ગયા;
ધર્મ, કર્મ, સેવા, સૌજન્ય થકી, સૌના દિલમાં વસી ગયા;
તમારા આદરણીય ગુણો,
પ્રેમાળતા અને વ્યવહારિક સમજના સદ્‌ગુણો,
જીવનની પ્રત્યેક ક્ષણ અમે વિસરશું નહીં;
તમારી યાદ અમારા હૈયે સદા મહેકતી રહેશે.

## ક.દ.ઓ. નારી શક્તિ
## ભાંડુપ

# ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ



## કુંવરજીભાઈ હરશી લોડાયા

ગામ : રાપર ગઢવારી – ભાંડુપ

પ્રભુ સદ્ગતની આત્મા ને મોક્ષ ગામી બનાવે
તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.



**શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર**
**શ્રી ભલારા ભાવિક પુનમ મંડળ મુંબઇ**

# મોટી ખાવડી તીર્થ શણગાર શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલયની ૧૧૫મી વર્ષગાંઠ નિમિત્તે ધ્વજા રોહણ વિધિ થઈ





તા.૨૬ જુલાઈ રવિવારના શ્રાવણ સુદ ત્રીજ ૬ના દિને સૌના પ્યારા ત્રણ લોકના નાથ એવા મોટી ખાવડી સંઘના તીર્થ શણગાર શ્રી ચંદ્રપ્રભુસ્વામી જિનાલયની ૧૧૫મી વર્ષગાંઠ નિમિત્તે ધ્વજારોહણ મહોત્સવની પુનિત પળો ખૂબજ ઉલ્લાસ અને ઉમંગથી ઉજવાઈ. વર્તમાન કોરોના કાળની કપરી પરિસ્થિતિ એવી છે કે મુંબઈ કે બહારગામ રહેતા ગામવાસીઓ તીર્થમાં રૂબરૂ હાજર રહી શકે તેમ ન હોવાથી સ્થાનિક હાજર ગામવાસીઓની વિશાળ હાજરીમાં સુશ્રાવકશ્રી તિલકચંદ જે. ખોના એ વિધિપૂર્વક સતર ભેદી પૂજા ભણાવી.

શ્રી ચંદ્રપ્રભ દાદાના જિનાલયની ૧૧૫મી ધ્વજા લહેરાવવાનો લાભ માતુશ્રી રાજબાઈ વેરશી કરમશી લોડાયા હસ્તે અ.સૌ. પુષ્પાબેન ચંદ્રકાંત લોડાયા-મુલુંડ સહપરિવારએ લીધો હતો.

નૂતન ધ્વજા લહેરાવવા ટાણે ૐ પુણ્યાહમપુણ્યાહમ, પ્રિયતાંમ, પ્રિયતાંમના નાદથી જિનાલયનું પટાંગણ ગુંજી ઉઠ્યું હતું.

આ પ્રસંગનું લાઈવ પ્રસારણ વિજયભાઈ લોડાયાએ ફેસબુકના માધ્યમથી કર્યું હતું. જેનો લાભ બહારગામમાં વસવાટ કરતા ગામ પરિવારજનો એ ભાવથી લીધો હતો. સંઘના તીર્થ શણગાર શ્રીચંદ્રપ્રભુદાદાના જિનાલયની વર્ષગાંઠના અદ્ભૂત ઉત્સવનો આનંદ, ઉત્સાહ અને ઉમંગના ઊંચા ભાવ સાથે ઉજવણી યાદગાર રીતે થઈ.





# ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મતારીખ
૨૮-૧૨-૧૯૪૪

સ્વર્ગવાસ
૨૫-૦૭-૨૦૨૦

## સ્વ. કુંવરજી હરશી લોડાયા (ઉ.વ.૭૫)

**ગામ : રાપરગઢવાળી • હાલે ભાંડુપ**

*વિરહની વ્યથા વર્ણવવી કઠીન છે. એવા અનમોલ શબ્દરત્નો ક્યાંથી લાવું ?*
*કે આપના ગુણોનું વર્ણન કરું! આપે ધર્મની લ્હાણી કરી.*
*સંસ્કારોથી ધન્ય બનાવ્યા, જીવન સાફલ્યની ચાવી આપી,*
*આપ સદૈવ સમતા અને શાંત મહાસાગરમાં ઝીલતા રહ્યા સાદગી,*
*સરલતા અને સુશીલતા,*
*સહનશીલતા અને શાંત પ્રસન્ન મુખમુદ્રાએ ગુણબાગના પુષ્પો મહેકાવી ગયા...*
*સંયમજીવનને સફળ અને સુવર્ણમય બનાવી સિદ્ધપદને વરવા સંચરી ગયા.*

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ, ભાંડુપ

# શ્રદ્ધાંજલિ



જન્મતારીખ
૨૮-૧૨-૧૯૪૪

સ્વર્ગવાસ
૨૫-૦૭-૨૦૨૦

## સ્વ. કુંવરજી હરશી લોડાયા (ઉ.વ.૭૫)

**ગામ : રાપરગઢવાળી • હાલે ભાંડુપ**

આપ ગુણોના ઉદ્યાન હતા ને હતા સમર્પણની સુવાસ
આપની છાયા વડલા સમી ને કાર્ય નહીં સમાન
અમી ભરેલી આંખ હતી,
હૈયે હતા હેતના ધોધ,
સત્કર્મ જીવન જીવી ગયા,
આપ્યા સત્કર્મનો બોધ.

શ્રદ્ધાસુમન

## 5 સ્ટાર કેટરીંગ

iStock by Getty Images

# અચલગચ્છનાયક પ.પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના વંદનાર્થે ઈચ્છુક ભાવિકજનોને વિનંતી



અત્યારે અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. સુખ શાતાપૂર્વક મુલુંડ (પૂર્વ) સંઘમાં ચાતુર્માસે બિરાજમાન છે. અત્યારે કોઈએ વંદનાર્થે આવવું નહીં. અત્યાવશ્યક કાર્ય માટે મુલુંડ (પૂર્વ)ના ટ્રસ્ટી શ્રી વીરચંદભાઈ-૯૮૨૦૦૮૨૪૭૫નો સંપર્ક કરી યોગ્ય કરવું.

સંઘ દ્વારા આ રીતે કરાયેલ વ્યવસ્થામાં ગુરુભક્તો, સહિત સૌ સહકાર આપશો એવી વિનંતી શ્રી મુલુંડ (પૂર્વ) અચલગચ્છ જૈન સંઘ દ્વારા કરાઈ છે.

# શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની અનંત આત્મ નિર્ભર યોજનાની અંતિમ તારીખ ૩૧ ઓગસ્ટ કરાઈ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા જ્ઞાતિજનો માટે એક અત્યંત ઉપયોગી યોજના બહાર પાડી છે. જેનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાતિજનો આત્મનિર્ભર થઈ વિકાસપંથે વિહરે અને પોતાના સ્વાભિમાનથી રોજગાર મેળવે. આ યોજનાનું નામ અનંત આત્મનિર્ભર યોજના રખાયું છે.

શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને અરિહંત કો.ઓ.બેંકનો આયોજનમાં સબળ સાથથી જ્ઞાતિજનોને વેપાર માટે કોઈપણ સિક્યોરિટી વગર લોન મળી શકશે. વ્યાજ દર ૯ ટકાનો રહેશે જે લોન લેનારે માત્ર ૬ ટકાના દરે ચૂકવશે. બાકીના ૩ ટકા વ્યાજ અનંત આત્મનિર્ભર યોજનાના દાતાના યોગદાનથી ભરાશે. લોન પરત ચૂકવણીની મુદત ૪૮ EMI મુંબઈ મેટ્રોપોલિટિન રિજનમાં રહેતાં કોઈ પણ જ્ઞાતિજન આ માટે યોગ્ય પાત્રતા ધરાવશે. ગેરેન્ટર તરીકે બે, જે જ્ઞાતિના જ પરિવાર, સ્વજન, મિત્ર કે હિતચ્છુ હોય.

રૂા. ૨૫ હજારથી રૂા. ૫૦ હજારની લોન આપનાર અને મંજૂર કરનારશ્રી અનંતનાથ ટ્રસ્ટ જ્યારે રૂા. ૧ લાખ થી રૂા. ૫ લાખ સુધી લોન આપનાર અને મંજૂર કરનાર અરિહંત કો.ઓ.બેંક છે. લોન માટે નજીવી પ્રોસેસિંગ ચાર્જ થશે લોન મંજૂરી ચાર અઠવાડિયામાં થઈ જશે.

જુલાઈમાં રજૂ થયેલ આ લોન યોજના માટે અંતિમ તારીખ ૩૧ જુલાઈ જાહેર કરાઈ હતી. પણ લોકડાઉનની પરિસ્થિતિ વશ સંજોગોને ધ્યાનમાં લેતા અને જ્ઞાતિજનોની વિનંતીને કારણે આ અનંત આત્મનિર્ભર યોજના માટે ઓનલાઈન અરજી કરવાની મુદત તા ૩૧ ઓગષ્ટ ૨૦૨૦ સુધી કરાઈ છે.

અરજી ફોર્મ ભરવા માટે આ લીંક ક્લિક કરવી https://forms.gle/eSqy2yF7qy7ZQbgM8 વોટ્સઅપ કોન્ટેક્ટ માટે ૯૮૨૦૩૩૩૮૪૩. કન્વીનર : ગુલાબ ધરમશી સંજય અજાણી અને દેવેન ધરમશી

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન
## શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

**સુજ્ઞ જખૌવાસીઓ અને નિયાણીઓ,**

જય જીનેન્દ્ર,

કોરોના મહામારીનો ફેલાવો રોકવા, સરકારી નિયમો અનુસાર, આ વર્ષે આપણે પર્યુષણ પર્વની ઉજવણી પૂર્વે કદી કરી ન હોય એવી સાવ અલગ રીતે કરવી પડશે. જખૌમાં **પ.પૂ. સાધ્વીજી કાવ્યગુણાશ્રીજી મ.સા.** નો ચાતુર્માસનો લાભ મળેલ હોવા છતાં ઘરની ચાર દિવારીમાં રહી તપ જાપ કરી કર્મ નિર્જરા કરવાની છે. પણ આ પવિત્ર દિવસોમાં કંઈક લાભ મળે અને દેરાસરમાં આવકનું સ્ત્રોત ઉભું થાય એ માટે ભાવ સ્વપ્ન દર્શનનું આયોજન કરેલ છે.

સ્વપ્ન દર્શનના મિનિમમ સ્વૈચ્છીક નકરા મહાજન અને ટ્રસ્ટના વ્યવસ્થાપક સમિતિએ નીચે પ્રમાણે નક્કી કર્યા છે. સાથે સાથે સર્વ સાધારણ ફંડમાં પણ યથાગોગ્ય ફાળો લખાવવા વિનંતી. આપણે ત્યાં જખૌમાં મણનો ભાવ ફક્ત રૂા. ૩/- છે.

કોઈ પણ સ્વપ્ન માટે એક કરતાં વધારે નામો આવશે તો એ ભાગ્યશાળીઓ વચ્ચે વોટ્સઅપ પર વીડિયો કોલિંગ થી ઉછમાણી કરવામાં આવશે અને જેનો ચડાવો વધુ હશે એ ભાગ્યશાળી ને લાભ આપવામાં આવશે.

તો ચાલો , નીચે જણાવેલ સંપર્ક સૂત્રો પર

તા. ૧૦-૮-૨૦૨૦ના સાંજે ૫ વાગ્યાસુધી વોટ્સઅપ મેસેજથી ચડાવા લખાવશો.

૧) શ્રી રાયચંદભાઈ દેવશી જીવાણી - 87798 75109
૨) શ્રી હરીશ દામજી ધરમસી - 93240 12888
૩) શ્રી જયંતીલાલ દેવશી મૈશેરી - 98197 48250
૪) શ્રી ચાંપશીભાઈ ડુંગરશી હેફા - 98206 59809

ચડાવાના લાભાર્થીઓને એક અત્યંત આકર્ષક એવી ૧૪ સ્વપ્નની પેટી સંભારણું તરીકે આપવામાં આવશે.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન અને**
**શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર ટ્રસ્ટ વતી અધિકારી ગણ અને ટ્રસ્ટીઓના**
**જય મહાવીર.**

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન
# શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

## પર્યુષણ પર્વ ૨૦૨૦ ના વિવિધ ચડાવાની વિગતો

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વર્ગની બારી ખોલવાનો ચડાવો | | ૫૦૦ મણ |
| ૨. | ગજવર | ઝુલાવવાનો | ૭૫૦ મણ |
| | | પધરાવવાનો | ૯૦૦ મણ |
| ૩. | વૃષભ | ઝુલાવવાનો | ૭૫૦ મણ |
| | | પધરાવવાનો | ૯૦૦મણ |
| ૪. | કેસરીસિંહ | ઝુલાવવાનો | ૭૫૦ મણ |
| | | પધરાવવાનો | ૯૦૦ મણ |
| ૫. | લક્ષ્મીજી | ઝુલાવવાનો | ૨૫૦૦ મણ |
| | | પધરાવવાનો | ૨૫૦૦ મણ |
| ૬. | ફૂલની માળા | ઝુલાવવાનો | ૭૫૦ મણ |
| | | પધરાવાનો | ૯૦૦ મણ |
| ૭. | ચંદ્ર | ઝુલાવવાનો | ૭૫૦ મણ |
| | | પધરાવવાનો | ૯૦૦ મણ |
| ૮. | સૂર્ય | ઝુલાવવાનો | ૭૫૦ મણ |
| | | પધરાવવાનો | ૯૦૦ મણ |
| ૯. | ધર્મની ધ્વજા | ઝુલાવવાનો | ૭૫૦ મણ |
| | | પધરાવવાનો | ૯૦૦ મણ |
| ૧૦. | કળશ | ઝુલાવવાનો | ૭૫૦ મણ |
| | | પધાવવાનો | ૯૦૦ મણ |
| ૧૧. | પદ્મસરોવર | ઝુલાવવાનો | ૭૫૦ મણ |
| | | પધરાવવાનો | ૯૦૦ મણ |
| ૧૨. | ક્ષીરસાગર | ઝુલાવવાનો | ૧૫૦૦ મણ |
| | (વહાણ) | પધરાવવાનો | ૨૧૦૦ મણ |
| ૧૩. | દેવવિમાન | ઝુલાવવાનો | ૭૫૦ મણ |
| | | પધરાવવાનો | ૯૦૦ મણ |
| ૧૪. | રત્નની રાશી | ઝુલાવવાનો | ૭૫૦ મણ |
| | | પધરાવવાનો | ૯૦૦ મણ |
| ૧૫. | અગ્નિશિખા | ઝુલાવવાનો | ૭૫૦ મણ |
| | | પધરાવવાનો | ૯૦૦ મણ |
| ૧૬. | પોથી | | ૫૦૦ મણ |
| ૧૭. | પારણું | | ૧૦૦૧ મણ |

લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન
શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

# ચાર્ટડ એકાઉન્ટન્ટ એસોસિયેશન દ્વારા MSME પર વેબિનાર સંપન્ન

તા. ૨૫ જુલાઈના રોજે વિષય સુક્ષ્મ લઘુ અને મધ્યમ ઉદ્યોગ (MSME)ના ફાયદાઓ તેમાં મળનારી રીલીફ અને રિવાઈલ પેકેજ રાહત અને પુર્નનિર્માણ, પુર્નગઠન અથવા પુનરોત્થાન અંગે કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેંક દ્વારા વિવિધ યોજના ઉપર ઉપયોગી માહિતી આપવા સીએ કૌશિક ખોના દ્વારા એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં શરૂઆતે કે. ડી.ઓ સીએ એસોશિયેશનના વાઈસ પ્રેસિડન્ટ ગૌતમ શાહએ પ્રાસંગિક ઉદ્‌બોધન આપી આજના વેબિનારની ઉપયોગિતા સમજાવી હતી.




ગેસ્ટ સ્પીકર સી.એ. કૌશિક ખોનાનો પરિચય સેક્રેટરી સી.એ. હિતેશભાઈ ધરમશીએ આપ્યો હતો.

એ બાદ મુખ્ય વક્તા અને માર્ગદર્શક સી.એ. કૌશિક ખોના વેબિનારનો આગળનો દોર પોતાના હાથમાં લઈ સાદી અને સરળ ભાષામાં પોતાની આગળ છટાપ્રભાથી અને પોતાના વિશાળ અનુભવ જ્ઞાન સાથે યોજનના વિવિધ પાસા વર્ણવ્યા હતા. એમ.એસ.એમ.ઈ. માઈક્રો સ્મોલ એન્ડ મિડીયમ એન્ટર પ્રાઈઝસની નવી વ્યાખ્યા તેમણે આપી હતી. નવી વ્યાખ્યા પ્રમાણે ક્લાસિફિકેશન અને ટર્ન ઓવર, વેચાણ સંદંભે કેટલી લિમીટની કેપિટલ મુડી જોઈએ અને પ્લાન્ટ તથા મશીનરીની વેલ્યુ કેટલી જોઈએ તેની ઉપયોગી માહિતી આપી હતી. આ ઉપરાંત આયોજનામાં કયા ઉદ્યોગો અથવા સર્વિસીસ ન આવી શકે તેની પણ મહત્વની જાણકારીથી સૌને અવગત કર્યા હતા.

એન્ટરપ્રાઈઝ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ મેળવવા શું કરવું જોઈએ તે માટે ક્યા ડોક્યુમેન્ટની જરૂર પડે એ વિષેની મહત્વની જાણકારી આપી હતી. આ ઉપરાંત એ પણ અગત્યની માહિતી સૌને આપી હતી કે જે ઉધમ ઉદ્યોગ એન્ટરપ્રાઈઝ પાસે MSME ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન અગાઉથી છે તેઓ એ પણ નવું ઉધમ રજિસ્ટ્રેશન મેળવવું પડશે.

વેપારીઓની મુશ્કેલીઓ સમસ્યાઓના નિવારણ માટે ચેમ્પિયન કંટ્રોલ રૂમ એટલે કે કમ્પલેન માટે એક આવગો વિભાગ શરૂ કરાયો છે. એની જાણકારી આપી હતી.

એમ.એસ.એમ.ઈ. રજિસ્ટ્રેશનથી વિવિધ લાભો મળે છે તે જણાવ્યા હતા. જેમાનું એક મહત્વનો લાભ લેટ પેમેન્ટ (૪૫ દિવસથી વધુ) સામે મળનારું ઉદ્યોગોને રક્ષણ. સરકાર દ્વારા ઉદ્યોગ ક્ષેત્રને વિવિધ યોજનાઓના ફાયદા મળે છે તેની પણ ઉપયોગી જાણકારી આપી હતી.

આ સિવાય અન્ય કાયદાઓની પણ વિસ્તૃત જાણકારી આપી હતી. જેવી કે કંપની એક્ટ ૨૦૧૩માં થયેલ ફેરફારો, સેબીના કાયદાઓમાં થયેલ બદલાવ, ફેરફારો, આયકર કસ્ટમ, સેન્ટ્રલ એકસાઈઝ, જી.એસ.ટી., ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ, FID પોલિસીમાં IBC (insolvency & bankruptcy code) સ્ટેમ્પ ડ્યુટી ઉપરાંત અન્ય સંબંધિત કાયદાઓમાં થયેલ બદલાવ ચેન્જની મહત્વની જાણકારી આપી હતી.

વર્તમાનમાં ચાલુ કોરોના મહામારીના સંદર્ભે ચાર્ટડ એકાઉન્ટન્ટએ પ્રોફેશનલ સર્વિસીસ ઓડિટ અને અન્ય સેવામાં શું બદલાવ કરવા પડશે તે બાબતની પણ જાણકારી તેમણે આપી હતી. ICAI દ્વારા કોરોના કાળમધે થયેલ એકાઉન્ટિંગ સ્ટાર્ન્ડડ તથા INDS તથા ઓનલાઈન વેરિફિકેશન તથા ઓડિટની જાણકારી તેઓએ વિસ્તૃતપણે આપી હતી. આ ઉપરાંત કોરોના સમય દરમ્યાન સરકારે આરબીઆઈ બેંકો તેમજ અન્ય ફાઈનાન્સિયલ ક્ષેત્રમાં નાણાંકીય વ્યવસ્થામાં જે પણ રાહત પેકેજો અપાયા છે તેની પણ તેઓશ્રીએ સમીક્ષા કરી જાણકારીથી સૌને અવગત કર્યા હતા. છેલ્લે કોરોના સંદર્ભે ઊભી થયેલ નવી તકો વિષેની ઉપયોગી જાણકારી પણ તેમણે સૌને આપી હતી.

આમ સમગ્ર રીતે આ વેબિનાર સૌને ઉપયોગી જાણકારી માહિતી અને જ્ઞાન આપનારો રહ્યો હતો. જે સૌએ રસપૂર્વક માણ્યો હતો. અંતે સીએ ચાર્વિક મોમાયાએ આભાર વિધિ કરી હતી. સંકલન સીએ દેવાંગ કુમાર દંડએ કર્યું હતું. કે.ડી.ઓ સીએ એસોસિયેશનના પ્રેસિડન્ટ સીએ ઘનશ્યામભાઈ લાલકાનું ઉપયોગી માર્ગદર્શન આ વેબિનાર માટે મળ્યું હતું.

# જ્ઞાતિના તેજસ્વી તારલાઓને અભિનંદન (S.S.C.)


અંશ કે. લોડાયા
૮૨%
વરાડીયા-ડોંબિવલી


ચારૂ ડી. લોડાયા
૮૧%
બાંડીયા-ડોંબિવલી


ધર્મીન એન. લોડાયા
૯૨%
મોટી ખાવડી-ભાંડુપ


દિવ્ય એચ. ગાલા
૮૮.૪૦%
મંજલરેલડીયા-ડોંબિવલી


હર્ષ વી. લોડાયા
૭૧.૩૮%
સુથરી-મુલુંડ


જીત પી. નાગડા
૮૨%
લાલા-કરાડ


જીનિત એસ. ખોના
૯૧.૪%
જખૌ-ઘાટકોપર


કશિશ આર. મોમાયા
૭૫%
બારોઈ- સેંધવા


કશિશ ડી. શાહ
૯૩.૪૦%
સાયરા-ઘાટકોપર


કવિશા ડી. ખોના
૮૪%
વરાડીયા-ડોંબિવલી


કેવીન એ. ડાઘા
૭૬%
વરાડીયા-ભાંડૂપ


મહેક એ. લોડાયા
૮૧.૬૭%
સાયરા-ઘાટકોપર


પ્રીત આર. દંડ
૮૪.%
સાંધવ-ભાંડુપ


રોમીલ એચ. લોડાયા
૯૧.૨૦%
મોટી ખાવડી


સંજના જે. લોડાયા
૮૪%
નલીયા-પુના


શ્રેય એમ. દંડ
૭૮%
વરાડીયા-ભાંડુપ

# જ્ઞાતિના તેજસ્વી તારલાઓને અભિનંદન



તમન્ના વી. ધરમશી
૯૫.૨%
મંજલ-પવઈ



વંશ જી. ધુલ્લા
૯૩.૬૦%
સે. ભરૂડીયા-ડોંબિવલી



મોક્ષા આર. ખોના
૮૫.૬%
જખૌ-મુલુંડ



મહેર ડી. મોતા
૯૪%
તેરા-કાંદિવલી

**SSC અને HSCમાં ૭૦ ટકાથી વધુ મળેલ વિદ્યાર્થીઓના ફોટો તથા વિગત મોકલો**

**આપણા ૧ થી ૫ વર્ષ સુધીના નાના ભુલકાઓ માટેની આ કોલમ જેમાં આપ આપના ભુલકાનો ફોટો, નામ, માતા-પિતાનું નામ, ઉંમર અને ગામ, અને વસવાટ વગેરે વિગત મોકલી તેને બર્થ-ડે શુભેચ્છા આપી શકો છો.**

**સંપર્ક : વોટ્સએપ - મનિષા લાલકા : ૯૮૨૦૫૪૫૭૩૪, વર્ષા લોડાયા : ૯૮૩૩૦૭૨૮૭૯**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



મંગળવાર, તા.૨૮ જુલાઈ
પ્રવિણા પ્રવીન ખોના
(ઉ.૭૧ વર્ષ)
બોરાઈ, થાણા (૫)



શનિવાર, તા.૦૧ ઓગસ્ટ
વાસંતી છત્રપતિ દંડ
(ઉ.૬૭ વર્ષ)
વરાડીયા, મલકાપુર



સોમવાર, તા.૦૩ ઓગસ્ટ
વિજયાબાઈ ઠાકરશી ધરમશી
(ઉ.૭૦ વર્ષ)
રંગપુર, બોરીવલી (૫)



શુક્રવાર, તા.૩૧ જુલાઈ
સ્મિતા શાંતિલાલ ધરમશી
(ઉ.૬૦ વર્ષ)
તેરા, ગદગ

**પરમ પ્રભુ પરમાત્મા સદ્ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



શનિવાર, તા.૨૪ જુલાઈ
કુંવરજી હરીશ લોડાયા
(ઉ.૭૫ વર્ષ)
રાપર, ભાંડુપ (પ)



શનિવાર, તા.૨૪ જુલાઈ
મહેન્દ્ર શામજી મોતા
(ઉ.૫૯ વર્ષ)
વારાપધર, હૈદ્રાબાદ



મંગળવાર, તા.૨૬ જુલાઈ
ચંપાબેન શાંતિલાલ ડાઘા
(ઉ.૭૧ વર્ષ)
દલતુંગી, મુલુંડ (પ)



ગુરૂવાર, તા.૩૦ જુલાઈ
રંજનાબેન શામજી નાગડા
(ઉ.૮૯ વર્ષ)
રંગપુર, મુલુંડ (પ)



ગુરૂવાર, તા.૦૬ ઓગસ્ટ
અજય નારાણજી નાગડા
(ઉ.૪૦ વર્ષ)
તેરા, ડોંબિવલી (પ)



ગુરૂવાર, તા.૦૬ ઓગસ્ટ
અનિલ શીવજી લોડાયા
(ઉ.૬૨ વર્ષ)
વારાપધર, હૈદ્રાબાદ



ગુરૂવાર, તા.૦૬ ઓગસ્ટ
ધનબાઈ શીવજી લોડાયા
(ઉ.૮૮ વર્ષ)
નલિયા, ઈટારશી



બુધવાર, તા.૨૯ જુલાઈ
જિતેન્દ્ર ઉમરશી ફુરિયા
(ઉ.૬૨ વર્ષ)
ગોધરા, અમદાવાદ



શુક્રવાર, તા.૦૭ ઓગસ્ટ
કરમશી રતનશી વોરા
(ઉ.૮૫ વર્ષ)
રંગપુર, ભાંડુપ (પ)



સોમવાર, તા.૦૩ ઓગસ્ટ
મધુરી હિરાચંદ મૈશેરી
(ઉ.૬૯ વર્ષ)
માંડવી, નલિયા



મંગળવાર, તા.૦૩ ઓગસ્ટ
મધુરીબાઈ મણિલાલ મોમાયા
(ઉ.૭૩ વર્ષ)
સાંયરા, મુલુંડ (પ)



બુધવાર, તા.૨૯ જુલાઈ
મણિલાલ શીવજી ધુલ્લા
(ઉ.૮૫ વર્ષ)
સુથરી, મુલુંડ (પ)

**પરમ પ્રભુ પરમાત્મા સદ્ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**




● ભુજની વાગડ બે ચોવિસી ગ્રુપ દ્વારા સમસ્ત બે ચોવિસી સમાજ માટે લોકડાઉન સમયમાં સોશિયલ મીડિયાના સકારાત્મક ઉપયોગથી ૧૧ જેટલી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના તેમજ યુ.એસ.એ, દુબઈ, આર્યલેન્ડમાં વસતા સમાજના ૧૦૪૮ જણ સહભાગ લીધો હતો. ૩ વર્ષથી ૮૫ વર્ષ સુધીના સ્પર્ધકો જોડાયા હતા.

● છેલ્લાં ૩૧ વર્ષોથી કચ્છ જિલ્લાના દિવ્યાંગજનોના ઉત્કર્ષ માટે કામ કરતી સંસ્થા રાષ્ટ્રીય અંધજન મંડળ કચ્છના દ્રષ્ટિહીનોની કોરોના મહામારી અને લોકડાઉન વચ્ચે હાલત કફોડી બની ગઈ છે. જે લોકો ૦ થી ૧૬ની યાદીમાં એટલે કે બી.પી.એલ.કાર્ડ ધારકને સરકાર દ્વારા ચાલતી સંત સૂરદાસ યોજના હેઠળ આવરી લેવાયા છે અને અભ્યાસ કરતા દિવ્યાંગોને સરકાર દ્વારા સહાય આપવામાં આવી રહી છે. આ ઉપરાંત જરૂરતમંદ દિવ્યાંગજનોને પણ આ સંસ્થા દ્વારા આવરીને તેમના તમામ ખાતામાં રોકડ રકમ જમા કરીને તેમને આ કપરા સમયમાં સંસ્થા મદદરૂપ બની છે. દ્રષ્ટિહીન લોકો જેને બીજા ઉપર નિર્ભર રહેવું પડે છે તેવા લોકોને ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે દાન આપીને સહાયરૂપ થવા પ્રમુખ અભય શાહ મો.નં.૯૯૨૫૯૯૧૫૧૫, મંત્રી મનોજ જોષી-૯૭૨૫૮૬૮૬૦૦, ખજાનચી પ્રકાશ ગાંધી-૯૪૨૬૨૧૫૦૦૩ દ્વારા અનુરોધ કરાયો છે.

● કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીને અનુલક્ષી ભારત સરકાર તરફથી જાહેર કરાયેલ લોકડાઉન સમય ગાળામાં અંજાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તરફથી શાળાના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગરૂપે અને બાળકો કાર્ય પ્રવૃત્ત રહે તેવા ઉદ્દેશથી ધોરણ ૧ થી ૫ તથા ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ચિત્રસ્પર્ધાનું આયોજન કરાયું હતું. ધોરણ ૧ થી ૫ માટે કોરોના વાયરસ થીમ આધારિત સંદેશ અને ધોરણ ૬ થી ૮ માટે લોકડાઉનમાં ધ્યાન રાખવાના મુદ્દાઓ વિષય તરીકે અપાયા હતા.

● ફિનલેન્ડની હેલસિંકી યુનિવર્સિટીમાંથી કચ્છની ગ્રામ્ય સંસ્કૃતિનો અભ્યાસ કરવા આવેલી અધ્યાપિકા ડૉ. મરયાહના લોકડાઉનને કારણે ફસાઈ ગઈ. સામાન્ય વાહન વ્યવહાર ઠપ થઈ ગયો. તમામ ગેસ્ટ હાઉસ, હોટલ બંધ થઈ જતાં તાત્કાલિક તેને હોટલનો રૂમ ખાલી કરવો પડ્યો. ચા-નાસ્તા માટેની કોઈ વ્યવસ્થા ન હતી. પોતાની એમ્બેસીનો સંપર્ક કર્યો પણ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ બંધ થઈ જતાં મદદ મળવાની અસમર્થતા દર્શાવાઈ. આ વાતની જાણ કચ્છ યુનિવર્સિટીમાંથી સાથે સંકળાયેલા ઝરપરા (તા.મુદ્રા)ના યુવાન ખેડૂત શ્યામ ગઢવીને થતાં તેમણે ફિનલેન્ડની સ્કોલર યુવતીનો સંપર્ક કરી પોતાની ગાડીમાં ઝરપરા ગામમાં પોતાની વાડીએ લાવ્યા. શરૂઆતે ગ્રામજીવન સાથે મુશ્કેલી પડી. મિનરલ વૉટર, કોન્ટિનેટલ નાસ્તો, વાઈફાઈની સુવિધા, સરસ બાથરૂમ વગેરેનો અભાવ છતાં ધીરે ધીરે આ પરદેશી યુવતી ગ્રામ્ય સંસ્કૃતિ સાથે ઓતપ્રોત થઈ ગઈ. અઢી મહિના જેટલો સમય ગાળો વાડીમાં રહી ગુજારયો.

● વિશ્વ હિન્દુ પરિષદ કચ્છ દ્વારા કોરોના વાયરસને લીધે ઊભી થયેલી વિષમ પરિસ્થિતિમાં ક.વી.ઓ.જૈન મહાજન ભુજ અને સર્વ સેવા સંઘ (કચ્છ) સંસ્થાના અધ્યક્ષ તારાચંદભાઈ જગશી છેડાના માર્ગદર્શન હેઠળ સંઘના ટ્રસ્ટી જિગરભાઈ છેડા મારફતે તાલુકાના ગામડાઓમાં તથા જંગલ વિસ્તારમાં આવેલા મંદિરોના પૂજારીઓ માટે રાશન કિટનું વિતરણ કરાયું હતું.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)


Plan the present, secure the future.
Get a Family Insurance!
insurancekhoj.com™
the ultimate stop for insurance™
Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664
Karani
insurancekhoj@gmail.com • 9004999900
# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.
MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL
KDO
Gyatimaiya
Weekly E-magazine
KDO